# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં તેલીબિયા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને ગુણવત્તાસભર બીજ ઉત્પાદન વિષય ઉપર કેન્દ્રિય તાલીમ વર્ગ યોજાયો

માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના માર્ગદર્શન હેઠળ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા **તેલીબિયા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને ગુણવત્તાસભર બીજ ઉત્પાદન** વિષય ઉપર **તા. ૧૧/૦૯/૨૦૨૪** ના રોજ કેન્દ્ર ખાતે ચાલતી આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમ વર્ગ યોજાયો.

આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કરી કેન્દ્રની વિવિધ સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા ત્યારબાદ તેલીબિયા પાકોમાં રોગ- જીવાત નિયંત્રણ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. **ડૉ. સી. જે પટેલ** દ્વારા તેલીબિયા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને ગુણવત્તાસભર બીજ ઉત્પાદન, **ડૉ. એચ. કે. દેસાઇ** દ્વારા પ્રાકૃતિક ખતરો બનાવવાંની પધ્ધતી અને તેલીબિયા પાકોમાં કાર્યક્ષમ ઉપયોગ, **ડૉ. એચ. એન ચૌધરી** દ્વારા તેલીબિયા પાકોમાં નીંદણ વ્યવસ્થાપન જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . આ એક દિવસીય તાલીમ વર્ગમાં **વડેલા** ગામ, તાલુકો **લીમખેડાના ૩૫** જેટલા ખેડૂત ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.







આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી

